
(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

## બનાકાંઠામાં ભાદરવી અગિયારસ રામદેવજીના નેજા ચડયા

રણુજાના રાજા બાબા રામદેવજી મહારાજનો ગુજરાત સહિત સમગ્ર દેશમાં મહીમા છે ભાદરવા સુદ આઠમના દિવસે બાબા રામદેવના મંદિરો પર નેજા ચડાવાની વર્ષો જુની પરંપરા આજે પણ અકબંધ ચાલી આવી છે ત્યારે આજરોજ ભાદરવા સુદ આઠમના દિવસે જિલ્લામાં આવેલ રામદેવપીરના તમામ મંદિરો પર નેજા ચડાવાયા હતા. બનાસકાંઠા જિલ્લામાં ભાદરવા સુદ-૮ અને નોમના દિવસે બાબા રામદેવપીરના મંદિરે નેજા ચડાવવામાં આવે છે જયારે અગિયારસના દિવસે કેટલાંક સ્થળોએ બાબા રામદેવપીરનો મેળો ભરાય છે. જેમાં વડગામ તાલુકાના મજાદર ગામે અને ડીસા તાલુકાના ઢુવા ગામે બાબા રામદેવજીનો મેળો ભરાય છે. આ ઉપરાંત પાલનપુર તાલુકાના પટોસણ, અદરપૂરા સહિતના ગામોમાં પણ બાબા રામદેવજીના સાંનિધ્યમાં મેળો ભરાય છે જેમાં આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં ભકતજનો અને શ્રધ્ધાળુઓ દર્શન અને મેળાનો લાભ લે છે. જયારે ભાદરવા સુદ-૮ના દિવસે તમામ મંદિરો પર વાજતે ગાજતે રામદેવજીના નેજા ચડાવવામાં આવે છે અને તેમની પૂજા અર્ચના, ભજન સત્સંગ અને પ્રસાદનો લાભ લઈ ભકતજનો ધન્યતા અનુભવે છે.

## ડીસાથી બાવન ગજની ધજા સાથે અંબાજી જવા પદયાત્રીક સંઘે પ્રસ્થાન કર્યું

ડીસા, તા. ૨૫

અરવલ્લીની ગિરીમાળાઓની ગોદમાં આવેલ વિશ્વ વિખ્યાત યાત્રાધામ અંબાજીમાં ભરાનાર ભાદરવી પૂનમનો મેળો શરૂ થઈ ચૂક્યો છે ત્યારે ડીસાથી બાવન ગજની ધજા સાથે શક્તિ ગૃપ સ્વામી આનંદપ્રકાશ બ્રહ્મ સમાજનો પગપાળા સંઘ આજે સ્પોર્ટ ક્લબ પાસેથી માતાજીની મહાઆરતી કર્યા બાદ ઢોલનગારાના નાદ સાથે વાજતે ગાજતે રવાના થયો હતો. જેમાં મોટી સંખ્યામાં માઈ ભક્તો જોડાતા હાઈવે વિસ્તાર અંબામય બનતા શ્રદ્ધા અને ભક્તિનો માહોલ છવાયો હતો.

# હિંમતનગરમાં વેપારીએ દુકાન ખોલતાની સાથે કોઈ ગઠીઓ ચાર લાખના પાકીટની ચીલ ઝડપ કરી ગયો

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના ટાવર પાસે આવેલ સાંખલા બિલ્ડીંગમાં એક દુકાનદારને મંગળવારના રોજ સવારે કોઈ ગઠીઓ વેપારીના રૂ. ચાર લાખની રોકડ ભરેલી પાકીટ ચીલ ઝડપ કરી ગયો આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરાતા પોલીસે સ્થળ પર આવી હતી અને બપોર બાદ ફરિયાદની તજવીજ હાથ ધરી હતી.

વિગત મુજબ હાલમાં હિંમતનગર શહેરમાંથી રાત અને દિવસ શહેરના માર્ગો પદયાત્રીઓથી ઉભરાયછે અને પોલીસ બંદોબસ્ત પણ છે છતા હિંમતનગર શહેરના પોલીસમથકથી ટાવર રોડ પર લાઈબ્રેરીની સામે આવેલ સંખાલા બિલ્ડીંગમાંની કિડ્સ કોર્નરમાંથી મંગળવારના રોજ સવારે દુકાન ખોલતાની સાથે કોઈ ધઠીઓ રોકડા ચાર લાખ ભરેલ બેગની ચીલ ઝડપ કરી ગયો હતો. આ અંગે દુકાનમાલિક ફલ્ગેશ સંખાલાએ જણાવેલ કે રાબેતા મુજબ મંગળવારના રોજ સવારે ૮.૧૦ વાગે હું અને મારો ભાઈ શૈલેષ સંખાલા બંને જણા મારી બાઈક પર દુકાને આવવા નીકળ્યા હતા અને મારી પાસે લેપટોપની બેગ હતી. જેમાં રોકડા ચાર લાખ અને રીચાર્જ કરવા માટેના મોબાઈલ નંગ-૧૦ અંદાજે કિંમત રૂ. ૧૦ હજારના અને કાગળો હતા. હું દુકાને ૮.૧૫ વાગે આવ્યો હતો અને મારી દુકાન કિડ્સ કોર્નરનું મુખ્ય સટર ખોલી મારા પાસેની બેગ દુકાનની અંદર આવેલ કાઉન્ટરમાં મુકી હતી અને પછી બીજી તરફનું શટર ખોલવા બહાર ગયો હતો અને શટર ખોલી પરત દુકાનમાં આવ્યો તે દરમિયાનમાં કોઈ ગઠીયો કાઉન્ટરમાંથી પર્સ લઈ ગયો હતો અને અંદર આવ્યો ત્યારે એક ગ્રાહક આવેલ જેને ખરીદી બદલ પૈસા પાછા આપવા માટે હું પર્સ લેવા ગયો ત્યારે ત્યાં પર્સ ન હતુ. જેથી મેં આજુબાજુ તપાસ કરેલ પરંતુ પર્સની કોઈ ભાળ મળી ન હતી. જેથી આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરતા પોલીસ આવેલ અને તપાસ કરી પરત ગઈ હતી. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે બપોર બાદ ફરિયાદ નોંધાવવા માટે ગયેલા હોવાનું પણ ફલ્ગેશ સંખાલાએ જણાવ્યું હતું. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે ફરિયાદ અંગે પૂછતા પી.એસ.ઓ. કાનાભાઈએ જણાવેલ કે આવી કોઈ ફરિયાદ નોંધાયેલ નથી પરંતુ આવ્યા હતા પણ મીહિતી લેવા ગયા છે.

### ખેડબ્રહ્માથી ખેરોજ સુધી માઇ ભકતોની વણજાર લાગી



આરાસુર ધામ અંબાજી અને ખેડબ્રહ્મામાં બિરાજમાન મા અંબેનો ભાદરવી પૂનમે પ્રાગટ્ય દિન હોઈ શ્રદ્ધાળુઓ પગપાળા આવીને ચરણોમાં શિશ નમાવે છે. ગત રોજથી પૂનમના મહામેળાની શરૂઆત થઈ છે. જેમાં લાખો શ્રદ્ધાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને આરોગ્ય તંત્ર સુસજ્જ બન્યું છે. છેલ્લા બે દિવસથી પગપાળા યાત્રાળુઓના ઘસારાથી માર્ગ જય અંબેના નાદથી ગુંજી રહ્યા છે.

## ખેડબ્રહ્માના સિવિલ હોસ્પિટલ, લક્ષ્મીપુરા ચાર રસ્તા અને ફોરેસ્ટ ઓફિસ સુધીના માર્ગનું કામ ગોકળગતિએ

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા શહેરમાં સિવિલ હોસ્પિટલ લક્ષ્મીપુરા ચાર રસ્તા અને ફોરેસ્ટ ઓફીસ સુધીના માર્ગ પર છેલ્લા દોઢ માસથી તંત્ર દ્વારા માર્ગ નવિનીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ આ કામ ગોકળગતિએ ચાલતું હોવાથી વેપારીઓ અને રાહદારીઓમાં આક્રોશ ઉઠવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેરના સિવિલ હોસ્પિટલ માર્ગની બંને બાજુમાં બ્લોક ફીટ કરવાનું કામ છેલ્લા દોઢ માસથી ગોકળ ગતિએ આગળ વધી રહ્યું છે. જેથી આ માર્ગ પર અવરજવર કરતા સેંકડો વાહનચાલકો અને રાહદારીઓ તંત્રની આ કામગીરીથી પરેશાન થઈ ગયા છે. આ મામલે અનેક વખત રહીશો અને વેપારીઓએ લેખિતમાં તેમજ મૌખિકમાં રજૂઆત કરી છે તેમ છતાં કોઈ નક્કર પરિણામ ન આવતાં તંત્ર વિરુધ્ધ ઉગ્ર આક્રોશ વ્યકત કર્યો છે અને સત્વરે તંત્રના અધિકારીઓ બિસ્માર માર્ગની મુલાકાત લઈ માર્ગનું સમારકામ કરાવે તેવી માંગણી કરી રહ્યા છે.

# વિધાનસભા ચૂંટણીના પડધમ વચ્ચે વહીવટી તંત્ર સજ્જ

હિંમતનગર, તા. ૨૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડધમ વાગી રહ્યા છે. અઠવાડિયામાં ચૂંટણીની જાહેરાત થવાની સંભાવનાઓ વ્યકત કરવામાં આવી રહી છે. તેવી સંજોગોમાં સાબરકાઠાં જિલ્લા વહીવટી તંત્ર ચૂંટણી કામગીરી અને વ્યવસ્થાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. તેની સાથે રાજકીય પક્ષો અને આગેવાનો પણ ચૂંટણીની આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા છે.

આદીવાસી, ક્ષત્રિય, મુસ્લીમ અને દલીત મતોના પ્રભુત્વ વાળી જિલ્લાની ૯ બેઠકો પૈકી ૪ બેઠકો ભાજપ પાસે અને ૩ બેઠકો કોગ્રેંસ પાસે છે. જેમાં જિલ્લામાંથી ચૂંટાયેલા ૩ ધારાસભ્યો રાજય સરકારમાં મંત્રી પદ ભોગવી રહ્યા ચે. નવા સીમાંકનના કારણે રાજકીય પક્ષોની ઊંઘ હરામ થઈ ગઈ છે. તેની સાથે ટીકીટ વાંચ્છુઓની પણ લાંબી લાઈનો લાગી છે. ભાજપ માંથી હિંમતનગરની બેઠક ઉપર ચૂંટાયેલા પ્રફુલભાઈ પટેલ ગૃહરાજ્ય મંત્રી છે. તેમની સામે ચૂંટણી લડવા કોગ્રેંસ માંથી ૧૫ જેટલા મુરતીયા લાઈનમાં ઉભા છે. પરંતુ તેમાંથી એકપણ ઉમેદવાર સક્ષમ ન હોવાના કારણે કોગ્રેંસ દિધામાં મુકાઈ રહી છે.

જિલ્લાની ખેડબ્રહ્મા અને ભિલોડા બેઠક આદીવાસી માટે અનામત છે. આ બંને બેઠક કોગ્રેંસ પાસે છે. ઈડર બેઠક અનુસૂચિત જનજાતિ માટે અનામત છે. આ બેઠક ઉપરથી શિક્ષણ મંત્રી રમણલાલ વોરા ચૂંટાઈ આવ્યા છે. બાકીની હિંમતનગર અને મોડાસા બેઠક ઉપર ક્ષત્રિય અને મુસ્લીમ મતોનું પ્રભુત્વ છે. મુસ્લીમ મતોનું ધ્રુવીકરણ થવાની શકયતાઓ સેવાઈ રહી છે. વીરપુર ગામે કોગ્રેંસ આયોજિત મુસ્લીમ અગ્રણીઓની બેઠકને મુસ્લીમ સમાજ ચૂંટણી સ્ટંટ અને તરકટ ગણાવી રહ્યા છે. સમાજવાદી અને બસપા માંથી ચૂંટણી લડવા માટે પણ મુસ્લીમ ઉમેદવારોએ તૈયારીઓ આરંભી છે. ત્યારે કોગ્રેંસ સંગઠન અને ઉમેદવારોની પસંદગીમાં દિધા અનુભવી રહી છે. પ્રાંતિજ, બાયડ, અને મોડાસાની બેઠક ઉપર ક્ષત્રિયોનું પ્રભુત્વ છે અને ત્રણે બેઠક ઉપર ક્ષત્રિય ઉમેદવારો ચૂંટાઈ આવ્યા હતા. આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં સિમાંકન બદલાતાં ભાજપ- કોગ્રેંસની ચૂંટણી લડવા માંગતા ઉમેદવારો માટે પાસા ઉધા પડે તેમ છે.

વિધાનસભાની ચૂંટણીની ગમે ત્યારે જાહેરાત થાય તેમ છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્રએ ચૂંટણી કામગીરીને આખરી ઓપ આપી દીધો છે. જિલ્લાના તમામ મતદાન મથકો ઉપર ૧૫૫૦૦ જેટલા પોલિસ સ્ટાફની જરૂરીયાત ઉભી થનાર છે. જેની સામે ૨૧૫૦૦ કર્મચારીઓ- અધિકારીઓની ડેટા એન્ટ્રી કરી દેવામાં આવી છે.

# એસ.ટી. વિભાગ દ્વારા અંબાજી મહામેળામાં ૧૨૦૦ બસો મુકાઈ

ડીસા, તા. ૨૫

ગતરોજ અંબાજી ખાતે યોજાતા ભાદરવી પુનમના મહામેળાનો પ્રારંભ રંગેચંગે થઈ ગયો છે. ૭ દિવસના આ મેળામાં યાત્રાળુઓને કાંઈ જ તકલીફ ન પડે તે માટે વહીવટીતંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવેલ છે. અંબાજી ખાતે ભરાતા ભાદરવી પુનમના મહામેળામાં દુર દુરથી સંઘો અને પગપાળા યાત્રાળુઓ મા ના દર્શને આવતા હોય છે. અને તેમને પરત ઘરે પહોંચવા માટે એસ.ટી. વિભાગ દ્વારા દર વર્ષે એકસ્ટ્રા બસો મુકવામાં આવે છે. તેથી જ ચાલુ વર્ષે પણ ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા અંબાજી ખાતે યોજાનાર તા. ૨૪ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર એમ કુલ ૭ દિવસના મેળામાં મા ના ચરણે આવતા લાખો યાત્રાળુઓને પરત ઘરે પહોંચાડવા માટે ડીસા, પાલનપુર, સિદ્ધપુર સહિત એમ મળીને કુલ ૧૨૦૦ એસ.ટી. બસો આ મેળામાં ફાળવવામાં આવી છે. તેમજ મુસાફરોને કોઈપણ તકલીફ ન પડે તે માટે પણ એસ.ટી. વિભાગ દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવેલ છે.

એસ.ટી. તંત્ર દ્વારા યાત્રીકોને વાહન વ્યવહારની સંપૂર્ણ સુવિધા મળી રહે તે માટે ખાસ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. અને મેળા દરમિયાન ૧૦ વિભાગ બુથમાં વહેંચી ઈન્ચાર્જ નિયુક્ત કરી યાત્રાળુઓને પુરૂ માર્ગદર્શન અને સારી રીતે મુસાફરી કરી શકે તે માટે એસ.ટી. વિભાગ દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવશે.

## કાંણીયોલના યુવાનનું દાઝી જતા સારવાર દરમિયાન મોત

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના કાંણીયોલ ગામના ૪૫ વર્ષીય યુવાન પોતાના ઘરે પ્રાયમસ ઉપર ચા બનાવતાં દાઝી જતાં સારવાર દરમિયાન મોત થયેલાની હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે જાણવા જોગ નોંધાયેલાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તા. ૨૧-૯-૧૨ના રોજ સાંજના ૪.૩૦ થી ૫.૦૦ વાગ્યાના સુમારે કાંણીયોલ ગામે કેશાભાઈ દલાભાઈ ચમાર, ઉ.વ.૪૫, રહે. કાણીયોલ, તા. હિંમતનગરનાઓ પોતાના ઘરે પ્રાયમસ ઉપર ચા બનાવતી વખતે પ્રાયમસમાં ભડકો થતાં શરીરે વધુ દાઝી જતાં તાત્કાલિક હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જયાં વધુ સારવાર અર્થે અમદાવાદ સિવીલિ હોસ્પિટલમાં ખસેડાતાં ત્યા તેઓનું તા. ૨૪-૯-૨૦૧૨ને રાત્રીના ૧૨.૩૦ વાગ્યાના સુમારે સારવાર દરમિયાન મોત થયેલાની અમદાવાદની સિવિલ હોસ્પિટલના બી.એસ. પંચોલીએ હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરેલાનું જાણવા મળે છે. આ અંગે હે.કો. અરવિંદભાઈ હીરાભાઈએ અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## જાદરના મૂર્ધણેશ્વર મહાદેવ મંદિરે મેળો ભરાશે

જાદર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પાટનગર હિંમતનગરથી આશરે ૨૫ કિ.મી. દૂર આવેલ જાદર ગામે ડેભોલ નદી કિનારે ભાદરવાના બીજા સોમવારથી ત્રણ દિવસ માટે ભવ્ય મેળો ભરાશે. જેમાં દૂર દૂર શ્રધ્ધાળુઓ પ્રખ્યાત મૂર્ધણેશ્વર મહાદેવના દર્શન કરી મેળાની મજા માણે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના જાદર ગામે ડેભોલ નદીના કિનારે ૭૦૦ વર્ષ પૌરાણિક મૂર્ધણેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. જયાં વર્ષોથી ભાદરવા માસના બીજા સોમવારે ભવ્ય જાદરનો મેળો ભરાય છે. આ મેળામાં ઉત્તર ગુજરાત સહિત અન્ય જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડે છે અને ત્રણ દિવસ દરમિયાન મેળામાં ખાણી પીણીની મજા અને પૂજા અર્ચના કરી ભગવાનના દર્શનનો લાભ લે છે. આ જાદરના મેળામાં અબાલ-વૃધ્ધ સૌ મોટી સંખ્યામાં જોડાય છે.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પ્રાંતિજમાં ભાજપ મહિલા મોરચાનું સંમેલન યોજાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ભાજપ મહિલા મોરચાનું સંમેલન તથા પંડિત દિનદયાળ જન્મ જયંતિની શાનદાર ઉજવણી આજે બપોરે પ્રાંતિજના દશામાતા મંદિરના હોલમાં રાજયકક્ષાના મંત્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાજપની કાર્યકર્તા બહેનો હાજર રહી હતી. પંડિત દિનદયાળ જન્મજયંતિ નિમિત્તે પ્રતિમાને પુષ્પ અર્પણ કરી તેમના જીવન જન્મની ઝાંખી મંત્રી જયસિંહ ચૌહાણે કરાવી હતી. એસ.ટી. નિગમના ડીરેક્ટર કુ. કૌશલ્યા કુંવરબાએ આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં મહિલાઓની કામગીરીની સમીક્ષા તેમજ રૂપરેખા આપી હતી. પૂર્વ પ્રમુખ નિત્યાનંદભાઈએ મહિલાઓને સખી મંડળ, વૃદ્ધ મહિલા, વિધવા મહિલા વગેરેને સરકાર તરફથી મળતી નાણાંકીય સહાયની જાણકારી આપી હતી.

## અંબાજી ભાદરવી પૂનમના મેળા માટે ૩૦૦ બસની ફાળવણી કરાઈ

હિંમતનગર, તા. ૨૫

સુપ્રસિધ્ધ યાત્રાધમ અંબાજી ખાતે સોમવાર તા. ૨૪થી ભાદરવી પૂનમના મેળાનો પ્રારંભ થઈ ગયો છે. મા અંબાના ચરણોમાં માથું ટેકવવા લાખો ભકતો અંબાજી તરફ પગપાળા અને વાહનોમાં જઈ રહ્યા છે ત્યારે યાત્રાળુઓની સુવિધા માટે એસ.ટી. તંત્ર દ્વારા ૩૦૦ જેટલી બસોનું આયોજન કર્યુંછે. અંબાજી ખાતે ભાદરવી પુનમે જતા યાત્રીઓ માટે હિંમતનગર એસ.ટી. વિભાગીય કચેરી દ્વારા જિલ્લાના જુદા જુદા મથકો ઉપરથી ૩૦૦ જેટલી બસોની ફાળવણી કરી છે. જેમાં એસ.ટી. ને રૂા. ૧.૫૦ કરોડની આવક થવાની સંભાવના છે.

## ડીસા શહેર ભાજપ પ્રમુખ દ્વારા સેવા કેમ્પનું આયોજન

ડીસા શહેરના હાઈવે વિસ્તારમાં દર વર્ષે સેવા કેમ્પ યોજી પદયાત્રિકોને આરામ-ચા-પાણી અને જમવાની વ્યવસ્થા કરતા ભાજપ શહેર પ્રમુખ શશીકાન્ત પંડયા દ્વારા આ સેવા કેમ્પનું ચાલુ સાલે પણ આયોજન કરવામાં આવેલ છે.

# લાલપુરના જુગારધામ પર પોલીસનો સપાટો : ૧૩ શકુનીઓ ઝડપાયા

ડીસા, તા. ૨૫

બનાસકાંઠા જિલ્લામાં એસપી તરીકે આવેલ અશોક યાદવે દારૂ અને જુગારધામો પર લાલ આંખ કરતા અસામાજીક તત્વો ભુગર્ભમાં જતા રહ્યા હતા ત્યારે સરહદી થરાદ તાલુકામાં પોલીસની કામગીરી ઢીલી પડતાં જ ઠેર ઠેર જુગારધામો ફુટી નિકળ્યા છે. જુગાર કલબો ધરાવતા તત્વો હવે થરાદ શહેરી વિસ્તારને બદલે અંતરીયાળ વિસ્તારોમાં ધામા નાખી જુગારના શોખીનોને એકઠા કરી જુગારધામો ચલાવી રહ્યા છે ત્યારે થરાદ પોલીસની ટીમે અંતરિયાળ એવા લાલપુરમાં સપાટો બોલાવી ૧૩ જુગારીઓને રૂ. ૩૬૧૦૦ ની રોકડ અને જુગાર સાહિત્ય સાથે ઝડપી પાડતાં જુગારીયાઓમાં દોડધામ મચી જવા પામી હતી અને ગામમાં સન્નાટો મચી જવા પામ્યો હતો.

થરાદના લાલપુર ગામમાંઆવેલ એક ચોગાનમાં કેટલાક તત્વો મોટી રકમનો જુગાર રમી રહ્યો હોવાની થરાદ પોલીસમથકના પી.એસ.આઈ. જે.કે. રાઠોડને બાતમી મળતા તેમની ટીમે ઓચિંતી રેડ પાડતા જુગારના ખેલ ખેલી રહેલા જુગારીયાઓમાં દોડધામ મચી જવા પામી હતી. જોકે પોલીસથી બચવા માટે ટોળુ જમાવી બેઠેલા જુગારીયાએ દોડધામ મચાવી મુકી હતી. પરંતુ ૧૩ જુગારીયાઓને ઝડપી પાડવામાં પોલીસની ટીમને સફળતા મળી હતી. પકડાયેલ જુગારીયાઓમાં કેટલાક આગેવાનોના નજીકમાં થતા હોવાથી પોલીસમથકમાં લોકોના ટોળા ઉમટ્યા હતા. સમાધાન કરવાના પ્રયાસો પણ કર્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે પોલીસ ટસની મસ ન થતાં પકડાયેલ ૧૩ શકુનિઓ વિરૂદ્ધ જુગારધારાની કલમ મુજબ કાર્યવાહી હાથ ધરેલ છે. આ બાબતે થરાદ પોલીસના સૂત્રોએ જણાવ્યુ ંહતું કે લાલપુરમાં સધીમાતાના મંદિર પાસે જુગાર રમાતો હોવાની બાતમી મળતાં થરાદ પી.આઈ. એ.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. જે.કે. પટેલ અને ટીમે ઓચિંતી રેડ પાડી રૂ. ૩૬૧૦૦ રોકડ, જુગાર સાહિત્ય સાથે ૧૩ શખ્સોને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેકટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮